# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટનં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/૨૧૯૯ તા.૦૧/૦૭/૨૦૨૦

**પરિપત્ર-૨૦૮૯**

વિષય : **<u>શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં લેવાનાર પરીક્ષાઓ અંગેની માર્ગદર્શક સૂચનાઓની ચુસ્તપણે અમલવારી કરવા બાબત.</u>**

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૧૦/૦૬/૨૦૨૦ નો પરિપત્ર-૨૦૭૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓને અને સિનીયર સુપરવાઈઝરશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રથી જુલાઈ-૨૦૨૦ માં તા.૦૬/૦૭/૨૦૨૦ થી શરૂ થનાર વિવિધ પરીક્ષાઓ સંદર્ભે વિવિધ માર્ગદર્શક સુચનાઓની નોધ લેવા અને તે મુજબ આયોજન કરવા, તૈયારીઓ હાથ ધરવા અને તેમનું પાલન કરવા જણાવેલ હતું. માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર આપ સર્વેને પુનઃ એકવખત સંદર્ભ દર્શિત પરિપત્રમાં પરીક્ષાઓ સંદર્ભે જણાવેલ વિવિધ માર્ગદર્શક સુચનાઓની નોધ લેવા અને તે મુજબ આયોજન કરવા, તૈયારીઓ હાથ ધરવા અને તેમનું ચુસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવે છે. તેમજ આ અંગેની સઘળી જવાબદરી કોલેજના આચાર્યશ્રીની જે ધ્યાને લેશો.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

બિડાણ : સંદર્ભ દર્શિત પરિપત્ર

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓને અને સિનીયર સુપરવાઈઝરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

નં. એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/૧૯૯૯ તા.૧૦/૦૬/૨૦૨૦

**પરિપત્ર : ૨૦૭૧**

વિષય : **<u>શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી દ્વારા આગામી સમયમાં લેવાનાર પરીક્ષાઓ અંગેની માર્ગદર્શક સૂચનાઓ</u>**.

સંદર્ભ : (૧) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૨૪/૦૫/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/ ૦૬૦૫૨૦૨૦/ખ-૧

(૨) શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૨૬/૦૫/૨૦૨૦ નો સુધારા ઠરાવ ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/ ૦૬૦૫૨૦૨૦/ખ-૧

(૩) તા.૨૮/૦૫/૨૦૨૦ ના રોજ સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ સાથે થયેલ મીટીંગ.

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓને અને સિનીયર સુપરવાઈઝરશ્રીઓને આગામી જુન/જુલાઈ-૨૦૨૦ માં લેવાનાર વિવિધ પરીક્ષાઓ સંદર્ભે નીચે અનુસારની બાબતોની નોધ લેવા અને તે મુજબ આયોજન કરવા, તૈયારીઓ હાથ ધરવા અને તેમનું પાલન કરવા અનુરોધ છે.

૦૧ પરીક્ષા કેન્દ્ર ખાતે આવનાર તમામ પરીક્ષાર્થીઓનું થર્મલ ગનથી તાપમાન ચેક કર્યા બાદ જ પ્રવેશ આપવાનો રહેશે. જો કોઈ વિદ્યાર્થીનું તાપમાન અસામાન્ય જણાય તો તેને પરીક્ષા કેન્દ્ર ખાતે પ્રવેશ આપવાનો રહેશે નહિ. આવા વિદ્યાર્થીઓ તેમજ કન્ટેન્ટમેન્ટ ઝોનમાંથી આવતા વિદ્યાર્થીઓ તેમજ કોરોના સંક્રમણનો ભોગ બનેલા વિદ્યાર્થીઓની પરીક્ષા યુનિવર્સિટી દ્વારા ઓગષ્ટ/સપ્ટેમ્બર મહિનામાં લેવામાં આવશે. આ માટે સંબંધિત વિદ્યાર્થીઓએ જરૂરી આધાર-પુરાવાઓ રજુ કરવા આવશ્યક છે.

૦૨ પરીક્ષા શરુ થતા પહેલા, પરીક્ષા વચ્ચેના વિરામમાં અને પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉપયોગમાં લેવાનાર/લેવાયેલ તમામ વિસ્તાર સેનીટાઈઝ કરવાની જવાબદારી પરીક્ષા કેન્દ્ર નિયામકશ્રીની રહેશે.

૦૩ દરેક પરીક્ષાર્થીએ પરીક્ષા કેન્દ્ર અને સમગ્ર પરીક્ષા દરમિયાન ફરજીયાતપણે માસ્ક પહેરવાનું રહેશે.

૦૪ પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષાર્થીઓ સમુહમાં ભેગા ન થાય તથા પરીક્ષા કેન્દ્રના તમામ વિસ્તારમાં ક્યાંય પણ સોશીયલ ડીસટન્સિંગનું ભંગ ન થાય તેની તમામ જવાબદારી પરીક્ષા કેન્દ્ર નિયામકશ્રીની રહેશે.

૦૫ દરેક પરીક્ષા કેન્દ્ર ખાતે પરીક્ષા શરુ થવાના એક કલાક પહેલા પરીક્ષાર્થીઓને પ્રવેશ આપી દેવાનો રહેશે.

૦૬ દરેક પરીક્ષાર્થીએ પીવાના પાણીની બોટલ ઘરેથી જ લાવવાની રહેશે.

૦૭ દરેક બ્લોક સુપરવાઈઝરશ્રી માટે માસ્ક અને હાથ મોજાની વ્યવસ્થા ખાસ કરવાની રહેશે.

૦૮ પરીક્ષા દરમિયાન સુપરવાઈઝર દ્વારા મુખ્ય ઉત્તરવહી અગાઉથી સહી કરી આપવાની રહેશે અને હોલ-ટીકીટ એક સાથે ઉઘરાવી સહી કરી પરત આપવાની રહેશે.

૦૯ પરીક્ષા કેન્દ્ર ખાતે ફરજ બજાવતા તમામ અધ્યાપકશ્રીઓ અને કર્મચારીશ્રીઓએ ફરજીયાત માસ્ક પહેરવાનું રહેશે અને સોશીયલ ડીસટન્સિંગનાં પાલન સાથે સઘળી કામગીરી બજાવવાની રહેશે.

૧૦ બ્લોક અરેન્જમેન્ટ ૧૫ વિદ્યાર્થીઓનું જ કરવાનું રહશે અને જો અનુકુળતા હોય અને સોશિયલ સોશીયલ ડીસટન્સિંગનું પાલન થઇ શકે તેમ હોય માત્ર તો જ ૩૦ વિદ્યાર્થીઓનું બ્લોક અરેન્જમેન્ટ કરી શકાશે.

૧૧ બ્લોકમાં બેઠક વ્યવસ્થા ઝીગ-ઝેગ પધ્ધતિ મુજબ એટલેકે પ્રથમ બેંચ પરનો વિદ્યાર્થી ડાબી બાજુએ તો બીજી બેંચ પરનો વિદ્યાર્થી જમણી બાજુએ અને ત્રીજી બેંચ પરનો વિદ્યાર્થી ડાબી બાજુએ આવે તે પ્રકારે બેઠક વ્યવસ્થા કરવાની રહેશે.

૧૨ પરીક્ષાનો સમય બે કલાકનો રહેશે અને પ્રશ્નપત્રનું માળખું નીચે મુજબ રહશે

અ જે પ્રશ્નપત્રમાં બહુવિકલ્પ/ટૂંક જવાબ (૧ માર્ક) વાળો પશ્ન હોય તો તે પ્રશ્ન ફરજીયાત એટેમ્પટ કરવાનો રહેશે અને ગમે તે બે વિવરણાત્મક/નિબંધ પ્રકારના પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. પરીક્ષાર્થી વિકલ્પમાં આપેલ અન્ય વિકલ્પ વાળા પ્રશ્નનો અને અથવામાં આપેલ પ્રશ્નનાં જવાબ પણ આપી શકશે. પ્રશ્નપત્ર ૫૦ ગુણનું રહેશે જેમાં બે વિવરણાત્મક પ્રશ્નના ૩૬ ગુણ (એક પ્રશ્નનાં ૧૮ ગુણ) અને બહુવિકલ્પ/ટૂંક જવાબ વાળા પ્રશ્નોના ૧૪ ગુણ રહેશે. આમ કુલ ત્રણ પ્રશ્નોનાં જવાબ આપવાના રહેશે.

બ જે પ્રશ્નપત્રમાં તમામ પ્રશ્નો વિવરણાત્મક/નિબંધ પ્રકારના હોય તો ગમે તે ત્રણ પ્રશ્નનોના જવાબ આપવાના રહેશે. પરીક્ષાર્થી વિકલ્પમાં આપેલ અન્ય વિકલ્પ વાળા પ્રશ્નનો અને અથવામાં આપેલ પ્રશ્નનાં જવાબ પણ આપી શકશે. પ્રશ્નપત્ર ૫૦ ગુણનું રહેશે જેમાં બે વિવરણાત્મક પ્રશ્નના ૩૬ ગુણ (એક પ્રશ્નનાં ૧૮ ગુણ) અને એક વિવરણાત્મક પ્રશ્ન ૧૪ ગુણનો રહેશે. આમ કુલ ત્રણ પ્રશ્નોનાં જવાબ આપવાના રહેશે.

ક ૩૫ માર્કના પ્રશ્નપત્રમાં બહુવિકલ્પ/ટૂંક જવાબ (૧ માર્ક) વાળો પશ્ન ફરજીયાત એટેમ્પટ કરવાનો રહેશે અને ગમે તે એક વિવરણાત્મક/નિબંધ પ્રકારના પ્રશ્નનો જવાબ આપવાનો રહેશે. પરીક્ષાર્થી વિકલ્પમાં આપેલ અન્ય વિકલ્પ વાળા પ્રશ્નનો અને અથવામાં આપેલ પ્રશ્નનાં જવાબ પણ આપી શકશે. આમ કુલ બે પ્રશ્નોનાં જવાબ આપવાના રહેશે. પ્રશ્નપત્ર ૨૦ ગુણનું રહેશે જેમાં એક વિવરણાત્મક પ્રશ્નના ૧૩ ગુણ અને બહુવિકલ્પ/ટૂંક જવાબ વાળા પ્રશ્નોના ૭ ગુણ રહેશે. આમ કુલ બે પ્રશ્નોનાં જવાબ આપવાના રહેશે.

૧૩ દરેક પરીક્ષા કેન્દ્ર દ્વારા પરીક્ષા પૂર્ણ થયે પરીક્ષાર્થીઓ ક્રમશઃ બ્લોકમાંથી બહાર બહાર જાય તે પ્રકારનું આયોજન કરવાનું રહેશે.

૧૪ બી.એ. સેમેસ્ટર-૬ ની પરીક્ષા બીજા તબક્કામાં લેવામાં આવશે. જેનું સમય પત્રક ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી,
ગોધરા.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, ભવનોના કો-ઓર્ડીનેટરશ્રીઓ, સંસ્થાઓના વડાશ્રીઓને અને સિનીયર સુપરવાઈઝરશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત પરીક્ષાર્થીઓ તરફ જાણ સારૂં.